**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૮૧ ટકા

# આજે મહર્ષિ વાલ્મીકિ જયંતિ : રામાયણના રચયિતા

## આસો મહિનાની પૂનમના દિવસે મહર્ષિ વાલ્મીકિ જયંતિ પર્વ ઉજવવામાં આવે છે

ગાંધીનગર, તા.૮

તા.૮ ઓકટોબર રવિવારના રોજ મહર્ષિ વાલ્મીકિ જયંતિ છે. આસો મહિનાની પૂનમના રોજ મહર્ષિ વાલ્મીકિ જયંતિ પર્વ ઉજવવામાં આવે છે. પુરાણો પ્રમાણે તેમણે કઠોર તપસ્યા કરીને મહર્ષિ પદ પ્રાપ્ત કર્યું હતું. બ્રહ્માજીના કહેવાથી તેમણે ભગવાન શ્રીરામના જીવન ઉપર આધારિત રામાયણ નામનું મહાકાવ્ય લખ્યું. ગ્રંથોમાં તેમને આદિકવિ કહેવામાં આવે છે. તેમના લખેલા આદિકાવ્ય શ્રીમદ વાલ્મીકિય રામાયણ સંસારનું સૌથી પહેલું કાવ્ય માનવામાં આવે છે.

વાલ્મીકિ મહર્ષિ કશ્યપ અને અદિતિના નવમાં પુત્ર વરૂણ એટલે આદિત્ય સાથે તેમનો જન્મ થયો. તેમની માતા ચર્ષણી અને ભાઈ ભૃગુ હતા. ઉપનિષદ પ્રમાણે તેઓ પણ પોતાના ભાઈ ભૃગુની જેમ પરમ જ્ઞાની હતા. એકવાર ધ્યાનમાં બેઠેલા વરૂણ પુત્રના શરીરને કીડીઓએ બનાવી ઢાંકી દીધું હતું. સાધના પૂર્ણ કરીને જયારે બહાર આવ્યા ત્યારે તેમનું નામ વાલ્મીકિ પડયું.



### મહર્ષિ બન્યા રત્નાકરથી વાલ્મીકિ

ધર્મગ્રંથો મુજબ મહર્ષિ વાલ્મીકિનું સંપૂર્ણ નામ રત્નાકર હતું તે પોતાના પરિવારના પાલન પોષણ માટે લૂંટફાટ કરતાં હતા. એકવાર તેમને નિર્જન વનમાં નારદ મુની મળ્યા. જયારે રત્નાકરે તેમને લૂંટવાની કોશિષ કરી તો તેમણે રત્નાકરને પુછયુ કે આ કામ તમે શા માટે કરો છો? ત્યારે રત્નાકરે જવાબ આપ્યો કે પોતાના પરિવારના ભરણપોષણ માટે. નારદે પ્રશ્ન કર્યો કે આ કામના ફળસ્વરૂપ જે પાપ તમને થશે શું તેની સજા ભોગવવા માટે તમારો પરિવાર તમારો સાથ આપશે ? નારદ મુનિના પ્રશ્નનો જવાબ જાણવા માટે રત્નાકર પોતાના ઘરે ગયા. પરિવારના સભ્યોને પુછયું કે મારા દ્વારા કરવામાં આવેલા કામના ફળ સ્વરૂપ મને મળતી સજામાં તમેમારા ભાગીદાર બનશો ? રત્નાકરની વાત સાંભળીને બધાએ મનાઈ કરી દીધી. રત્નાકરે પાછા ફરીને આ વાત નારદમુનિને જણાવી. ત્યારે નારદ મુનિએ કહયું કે જે લોકો માટે તમે ખરાબ કામ કરો છો જો તે જ તમારા પાપના ભાગીદાર નથી બનવા માંગતા તો તમે આ પાપકર્મ કેમ કરો છો? નારદ મુનિની વાત સાંભળીને તેમના મનમા વૈરાગ્યનો ભાવ આવી ગયો. પોતાના ઉધ્ધારનો ઉપાય પુછયો ત્યારે નારદ મુનિએ તેમને રામના નામનો જાપ કરવા માટે કહયું. રત્નાકર વનમાં એકાંત સ્થાન પર બેસીને રામ-રામ જપવા લાગ્યા. ઘણા વર્ષો સુધી કઠોર તપ કર્યા પછી તેમના આખા શરીર ઉપર કીડીઓએ રાફડો બનાવી દીધો. કાલાંતરમાં મહર્ષિ વાલ્મીકિએ રામાયણ મહાકાવ્યની રચના કરી હતી.

## જન્મદિને વધામણી



અમી હરેશ ત્રિવેદી
મો. ૯૯૭૯૭ ૭૫૬૭૦


પ્રિયંકા આર ચુડાસમા
મો. ૯૮૨૫૯ ૫૫૦૦૯


માયાબેન જીતેન્દ્ર ચુડાસમા



ભૂમિકા ગોપાલ રાવલ


વેદાંશ ઉર્મિત જાની


પ્રજાપતિ વિશ્વ
મો. ૭૦૪૬૭૪૬૭૪૬


કૃણાલ દરજી
મો. ૮૫૧૧૩ ૮૧૧૦૯


ભાગ્યશ્રી પટેલ



રાજવીરસિંહ સોલંકી

## બીસીએ કોલેજના વિદ્યાર્થીઓ બાયસેગની મુલાકાતે



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન બીપી કોલેજ ઓફ કોમ્પ્યુટર બીસીએ અને એસવી ઈન્સ્ટીટયુટ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ બીસીએના સેમ.પાંચમા અભ્યાસ કરતાં ૩૫ વિદ્યાર્થીઓએ ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ સ્પેશ એપ્લીકેશન (બાયસેગ)ની મુલાકાત લીધી હતી. કોમ્પ્યુટર સાયન્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ટેકનોસેવી બની રહે તે માટે સંસ્થાના ચેરમેન વલ્લભભાઈ પટેલ પણ આ બાબતે વિશેષ કાળજી અને માર્ગદર્શન આપતાં રહે છે. આ મુલાકાત વિશે માહિતી આપતાં પ્રિન્સીપાલ ડો.રૂપેશ વ્યાસે જણાવ્યું કે યુજી પ્રોગ્રામ હેઠળ વિદ્યાર્થીઓએ હાલમાં છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરી રહયા છે ત્યારે તેમના અભ્યાસ ક્રમમાં અંતિમ વર્ષમાં ઈન્ડસ્ટ્રીયલ પ્રોજેકટસ પણ કરવાના હોય છે. આ મુલાકાતને લઈઆ વિદાર્થીઓમાં ઈન્ડસ્ટ્રીઝની જરૂરીયાત મુજબના પ્રોજેકટસ કરવાની મૌલિકતા કેળવાય તે હેતુથી આ વિઝીટનું આયોજન કરાયું હતું. આ મુલાકાતનું આયોજન પ્રિન્સીપાલના માર્ગદર્શન હેઠળ કોલેજના આઈઆઈઆઈસી અને પ્લેસમેન્ટ સેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ મુલાકાતને સફળ બનાવવા પ્રો.પ્રિયંકા શાહ, પ્રો.પૂજા જોશી અને પ્રો.જગત ચૌધરીએ જહેમત ઉઠાવી હતી.

## સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના ખેલાડીઓ કબડ્ડીમાં વિજેતા બન્યા



ગુજરાત યુનિવર્સીટી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલ ઈન્ટર કોલેજ કબડ્ડી ટૂર્નામેન્ટમાં ગાંધીનગરની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓની ટીમે શાનદાર રમતનું પ્રદર્શન કરતાં વિવિધ કોલેજોની ૫૪ ટીમો પૈકી પ્રથમ સ્થાન હાંસલ કરીને વિજેતા બની હતી. આ સિધ્ધિ બદલ કોલેજ પરિવાર દ્વારા ખેલાડીઓને અને કોલેજના ડાયરેકટર ઓફ ફીઝીકલ એજયુકેશનના પ્રો.મહેન્દ્ર ભાઈ મોડીયાનો અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## વેદ ઈન્ટરનેશનલ સ્કૂલનો વિદ્યાર્થી અબેકસમાં વિજેતા



ગાંધીનગર, તા.૮

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ, સરગાસણમાં ધોરણ-૬માં અભ્યાસ કરતો વિદ્યાર્થી શ્રેય શાહ 'લીમકો અબેકસ ટ્રેનિંગ સેન્ટર' દ્વારા નોર્થ ગુજરાત ઝોનલમાંથી ત્રીજા ક્રમે ઉત્તીર્ણ થયો છે. આ તેજસ્વી તારલાને શાળા પરિવાર વતી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

## પ્રેમધારા શિશુવિહાર સ્કૂલમાં ઈન્ટર ક્લાસ સ્પીડ સ્કેટિંગ ઈવેન્ટ યોજાઈ



ગાંધીનગર, તા.૮

તાજેતરમાં ગાંધીનગર ખાતે પ્રેમધારા શિશુવિહાર સ્કૂલમાં ઈન્ટર ક્લાસ સ્પીડ સ્કેટિંગ ઈવેન્ટ ૨૦૨૨ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઈવેન્ટનું સંપૂર્ણ સંકલન જીટીએનાં સેક્રેટરી મિલાપ ટાટારિઆ થકી કરવામાં આવ્યું હતું. શાળાનાં આચાર્ય રેશ્માબેન પટેલ વિશેષ હાજર રહ્યાં હતા તથા શાળાનાં ટ્રસ્ટી આશાબેન પાંડિયન, સંયોજક દેવેનભાઈ પ્રજાપતિ અને કોચ જતીન દવેએ ભાગ લેનાર તમામ સ્કેટર્સનો ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો અને વિદ્યાર્થીઓમાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## સ્વામિ. ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી દ્વારા સ્ટાર્ટ અપ સંદર્ભે માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૮

શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ભાટ દ્વારા સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ રિસર્ચ એન્ડ ઈનોવેશન ફેસ્ટિવલ અંતર્ગત તેમજ આઝાદી કા અમૃત મહોત્સવના ૭૫માં વરસની ઉજવણી નિમિત્તે ગુજરાત સરકાર સૂચિત નવ શોધા-ત્રી એટલે નવા સંશોધનકર્તા માટે સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન ફેસ્ટિવલની એસએસઆઈપી ૨.૦નું ઈનોગ્રેશન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓને વિશેષ માર્ગદર્શન આપવા ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્થાયી સમિતિના ચેરમેન જશવંતભાઈ પટેલએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપ્યું હતું તેમજ જયકુમાર જોશી જેઓ સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન સેન્ટરના કોર્ડીનેટર છે તેઓની વિશેષ ઉપસ્થિતિમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમ જ ભવિષ્યમાં ક્ષેત્રે રહેલી તકો વિશે જણાવવામાં આવ્યું હતું.

## આજે સે-૧૩ ખાતે નિઃશુલ્ક એસ્ટ્રો ફી કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર ખાતેની આધ્યાત્મિક શાસ્ત્રના કોર્સ ચલાવતી અને દસ વર્ષથી શિક્ષણ કાર્ય કરતી સંસ્થા ધ વૈદિક એસ્ટ્રોલોજીકલ ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા જયોતિષ શાસ્ત્ર અંગે નિઃશુલક માર્ગદર્શન આપવા શ્રી લીંબચ માતાજી ધામ, સેકટર-૧૩ ખાતે એસ્ટ્રો ફ્રી કેમ્પનું આયોજન કર્યું છે. તા.૯મીએ સવારે નવથી બાર વાગ્યા સુધી યોજનારા કેમ્પનો જાહેર જનતાને લાભ લેવાનું સંસ્થાના પ્રમુખ વિષ્ણુભાઈ વૈષ્ણવ દ્વારા જણાવાયું છે.

## આનંદનગર સોસાયટી સે-૨૭ ખાતે બેડા ગરબાનું આયોજન



ગાંધીનગર, તા.૮

છેલ્લા ૩૦ વર્ષથી આનંદનગર સોસાયટીમાં આઠમના દિવસે બેડા ગરબાનું આયોજન કરાય છે. તેમાં નાના બાળકો થી માંડીને મોટા વ્યક્તિઓ ભાગ લેતા હોય છે.૫ થી ૧૫ વર્ષના નાના બાળકો અને બાળકીઓ તથા ૧૬ વર્ષથી વધું ઉંમરના માટે પણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવે છે. સ્પર્ધામાં એક, બે અને ત્રણ નંબર વિજેતા ને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકે કુંતલ નિમાવત અને સ્મિતા નિમાવત તેમની સેવાઓ આપી હતી. આનંદનગર વસાહતીઓ મોટી સંખ્યામાં હાજર રહી સ્પર્ધકો નો ઉત્સાહ વધાર્યો હતો..

## સે-૨ સ્વામિનારાયણ મંદિર ખાતે શરદોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૮

શરદ પૂનમ નિમિત્તે તા.૯ને રવિવારના રોજ રાત્રે ૯થી ૧૧ કલાકે શ્રી સ્વામિનારાયણ મંદિર સે-૨ ખાતે શરદોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં કિર્તનકાર વાસુદેવ પાટડીયા તેમજ સાથી કલાકારો દ્વારા રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હરિભક્તો દ્વારા ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને રાસ ગરબા રમશે તેમ ઈનામ પણ વિતરણ કરવામાં આવશે. રાસગરબા પછી દુધ પૌઆનો પ્રસાદ આપવામાં આવશે. આ કાર્યક્રમનો હરિભક્તો તેમજ શહેરની ધર્મપ્રેમી જનતાને લાભ લેવા જણાવાયું છે.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- સ્વ.મકવાણા પુરુસોત્તમ કાનજીભાઈ ઉ.વ.૬૩, સેકટર-૧૯
- સ્વ.દવે અમૃતલાલ ઈશ્વરલાલ ઉ.વ.૭૧, સેકટર-૨૭
- સ્વ.ભટ્ટ ધર્મેન્દ્ર ચંદ્રકાન્ત ઉ.વ.૫૦, સેકટર-૭
- સ્વ.વાઘેલા દિલીપસિંહ દિપુજી ઉ.વ.૬૫, પીંપળજ
- સ્વ.ચાવડા ઈશ્વરજી પ્રતાપજી ઉ.વ.૫૮, રૂપાલ
- સ્વ.ડાભી ભીખાજી નાથુજી ઉ.વ.૭૨, પેથાપુર
- સ્વ.પટેલ મફતભાઈ ભુલાભાઈ ઉ.વ.૭૬, ઉનાવા

**● રૂદ્રભૂમિ ●**

- સ્વ.મેવાડા સોમનાથ રામનાથ ઉ.વ.૮૫, રાયસણ
- સ્વ.વિહોલ લક્ષ્મણજી ગલાબજી ઉ.વ.૮૪, રાયસણ

# પીડીઇયુને એનએએસીનો સર્વોચ્ચ "એ પ્લસપ્લસ" ગ્રેડ એવોર્ડ

## સર્વોચ્ચ ગ્રેડ મેળવનારી ગુજરાતની પ્રથમ અને એકમાત્ર ખાનગી યુનિવર્સિટી : એનએએસીએ કુલ ચારમાંથી ૩.૫૨ સીજીપીએ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર ખાતેની પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી-"પીડીઈયુ" રાષ્ટ્રીય મૂલ્યાંકન અને માન્યતા પરિષદ-એનએએસીની નિરીક્ષણ ટીમની મુલાકાત બાદ ૪માંથી ૩.૫૨ના સીજીપીએ સાથે 'એ-પ્લસપ્લસ'નો સર્વોચ્ચ ગ્રેડ મેળવનારી ગુજરાતની પ્રથમ અને એકમાત્ર ખાનગી યુનિવર્સિટી બની છે. આ પ્રસંગે "પીડીઈયુ"ના મહાનિર્દેશક ડૉ. એસ સુંદર મનોહરને કહ્યું હતું, કે "અમારી યુનિવર્સિટીના પ્રમુખ ડૉ. મુકેશ અંબાણી અને સ્થાયી સમિતિના અધ્યક્ષ નિવૃત આઈએએસ અધિકારી ડૉ. હસમુખ અઢિયાના માર્ગદર્શન અને નેતૃત્વ હેઠળ, અમે એનએએસી તરફથી આ માન્યતા પ્રાપ્ત કરવા બદલ નમ્રતા સાથે ગૌરવ અનુભવીએ છીએ. ગુજરાત સરકાર દ્વારા પહેલાથી જ "પીડીઈયુ"ને સેન્ટર ઓફ એક્સેલન્સ (સીઓઈ)નો દરજ્જો આપવામાં આવ્યો છે અને ગુજરાત સ્ટેટ ઈન્સ્ટિટ્યુશનલ રેટિંગ ફ્રેમવર્ક દ્વારા રાજ્યની શ્રેષ્ઠ ખાનગી યુનિવર્સિટી જાહેર કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે એ પાંચ વર્ષ માટે ૨૦૧૬માં ૩.૩૯ના પ્રભાવશાળી સીજીપીએ સાથે ઉચ્ચ ગ્રેડ 'એ' મેળવ્યો હતો. પંડિત દીનદયાલ પેટ્રોલિયમ યુનિવર્સિટીની "પીડીઈયુ"ની સ્થાપના વર્ષ ૨૦૦૭માં ૪ એપ્રિલના રોજ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સરકાર સમયે ઘડવામાં આવેલા રાજ્ય અધિનિયમ દ્વારા કરવામાં આવી હતી.



પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સૂચિત કર્યા પછી ૨૦૨૧માં તેનું નામ બદલીને "પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી" રાખવામાં આવ્યું હતું. હાલમાં આશરે ૬૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને સંશોધન વિદ્વાનો યુનિવર્સિટીમાં તેમના રસના ક્ષેત્રોમાં વિદ્વાનોને અનુસરી રહ્યા છે જેમાં પવન, સૌર, બાયો-ફ્યુઅલ, જિયોથર્મલ ઊર્જા અને ગ્રીન હાઈડ્રોજન જેવી રિન્યુએબલ ઊર્જામાં એન્જિનિયરિંગ અને અત્યાધુનિક તકનીકોનો સમાવેશ થાય છે. યુનિવર્સિટી કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય સ્તર બનાવવા અને તેના વિદ્યાર્થીઓને વૈશ્વિક નાગરિક બનવામાં મદદ કરવા માટે ગુજરાતમાં અભ્યાસ કાર્યક્રમને પ્રોત્સાહન આપવા માટે સક્રિય કેમ્પસ બની રહી છે. હાલ યુનિવર્સિટીમાં આશરે ૩૦૦ જેટલાં વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યાં છે. આ પ્રસંગે યુનિવર્સિટીના રજીસ્ટાર ડો.તરૂણ શાહ, સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના ડાયરેક્ટર ડો.નિગમ દવે, સ્કૂલ ઓફ એનર્જી ટેકનોલોજીના ડાયરેકટર ડો. અનિરુદ્ધ શીરકાર, સ્કૂલ ઓફ ટેકનોલોજીના ડાયરેકટર ડો.ધવલ પુજારા, યુનિવર્સિટીના એચઆર અધિકારી ડો.અંકુર પંડ્યા ઉપરાંત પ્રાધ્યાપક પ્રો.પ્રદિપ મલિક અને એનસીસી ઓફિસર ખુશાલી પુરોહિત ઉપસ્થિત રહ્યાં હતાં.

### સાત માપદંડો આધારિત હોય છે એનએએસીના ગ્રેડીંગ

પીડીઈયુ સંલગ્ન સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના ડાયરેક્ટર ડો.નિગમ દવેએ જણાવ્યું હતું કે પીડીઈયુ અટલ ઈનોવેશન રેક્કિંગમાં દેશભરમાં ટોપ ટેનમાં પાંચમું સ્થાન ધરાવે છે. એનએએસીના ગ્રેડીંગ માટેના મૂલ્યાંકનનો ગાળો પાંચ વર્ષનો હોય છે તેમાંથી બે વર્ષ તો કોવિડ-૧૯નો સમય હતો છતાં અમે આ સ્થાન મેળવવામાં સફળ રહ્યાં છીએ. અમે યુનિવર્સિટીમાં ૫૦ ટકા મહિલા અનામતને જાળવી છે. સ્કૂલ ઓફ ટેકનોલોજીના ડાયરેકટર ડો.ધવલ પુજારાએ જણાવ્યું હતું કે એનએએસીના ગ્રેડીંગ માટેના મૂલ્યાંકનમાં કુલ સાત માપદંડો આધારિત મૂલ્યાંકન કરવામાં આવે છે જેમાં અભ્યાસક્રમ, ટિચીંગ લર્નિંગ, રિસર્ચ, ઈન્ફ્રાસ્ટ્રકચર, સ્ટુડન્ટ સપોર્ટ, ગવર્નન્સ લીડરશિપ અને બેસ્ટ પ્રેક્ટિસીસનો સમાવેશ થાય છે. યુનિવર્સિટીએ અત્યાર સુધીમાં ૨૦૦ જેટલી પેટન્ટ અને ૫૦૦જેટલાં જર્નલ્સ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પ્રસ્તુત કર્યા છે.